પ્રાંતિજ તાલુકામાં લીલાછમ વૃક્ષોનું નિકંદન નિકળી રહ્યું છે

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૩

પ્રાંતિજ તાલુકામાં છેલ્લા ઘણા સમયથી વૃક્ષ છેદનની પ્રવૃત્તિએ હાલ ભારે માજા મુકી છે અને વૃક્ષછેદન કરતા તત્વો લીલાછમ અને ઘટાદાર વૃક્ષોનું નિકંદન કાઢી રહ્યા છે. બેફામ લીલા લાકડા વેચી તગડી કમાણી કરી રહ્યા છે. આ વૃક્ષછેદનની પ્રવૃત્તિઓ જગ જાહેર છે. તેમ છતાં તાલુકાના મામલતદાર અને સર્કલ ઓફિસર આંખ આડા કાન કરી સબ સલામતનું ગાણું ગાઈ રહ્યા છે પરિણામે નાગરિકો અને રહીશોમાં રોષની લાગણી ફેલાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ શહેર અને તેની આસપાસ આવેલા સલાલ, અમીનપુર, પોગલુ, તાજપુર, વાઘપુર વગેરે વિસ્તારોની ખેતી લાયક જમીન પર વિવિધ વૃક્ષો જેવા કે આંબા, લીમડા, મહુડા, જાંબુ, બાવળ જેવા અનેક લીલાછમ વૃક્ષોનું વન વિભાગના નાક નીચે મોટા પાયે બેરોકટોક પણે નિકંદન થઈ રહ્યું છે. જયારે અમુક ઠેકાણે આંબાવાડીઓ હતી જે હાલ હયાત નથી. મોટાભાગના ખેતરોમાંથી લીલાછમ વૃક્ષો રાતો રાત ગાયબ થઈ રહ્યા છે. લાકડા ખાઉ કોન્ટ્રાકટરો પર્યાવરણ બચાવો, વૃક્ષ વાવો જેવા કાર્યક્રમોની ખુલ્લેઆમ ધજીયા ઉડાવી રહ્યા છે. ત્યારે નાગરિકો આ મામલે રોષે ભરાયા છે અને આવા તત્વો સામે કાયદાકીય પગલા લેવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે.

ખેડબ્રહ્માની જનતા બેંકના કર્મચારીઓ દ્વારા ગ્રાહકો સાથે ઉદ્ધત વર્તન

બેંકના કર્મચારીએ થાપણ રશીદ ફેંકી દેતા ગ્રાહકોમાં રોષ ફેલાયો

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મામાં આવેલી પુનાની જનતા સહકારી બેંકના કર્મચારીઓનો એક થાપણદારને ઉદ્ધતાઈભર્યા અને કડવો અનુભવ થયાનું બહાર આવવા પામ્યું છે. થાપણદારને તેની થાપણ રશીદની રકમ આપવામાં બેંક ગલ્લાતલ્લા કરતી હોવાથી થાપણદારો અને ગ્રાહકોમાં રોષ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા નાગરિક સહકારી બેંકનું પુનાની જનતા સહકારી બેંકમાં મર્જર થતા બેંકીંગ કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. પણ બેંકના જૂના અને નવા કર્મચારીઓના ઉદ્ધતાઈભર્યા અને કડવા અનુભવનો કિસ્સો બહાર આવવા પામ્યો છે. ખેડબ્રહ્માના વાસણા રોડ ઉપર રહેતા યોગશ ભગવાનદાસ સુથારે સંયુક્ત નામે તા. ૯-૬-૨૦૦૧ના રોજ બાંધી મુદત થાપણ રશીદ નંબર ૨૯૪૮ થી રૂ. ૪૧૨૫ ખેડબ્રહ્મા નાગરિક સહ. બેંકમાં જમા કરાવ્યા હતા. તા. ૧૩-૧-૨૦૧૦ સુધી આ રશીદ વ્યાજ સાથે રીન્યુ કરવામાં આવી છે. અને તેનુ વ્યાજ સાથેની રકમ રૂ. ૮૩૩૬ રશીદ પાછળ બેંકના અધિકૃત અધિકારીની સહી સાથે લખવામાં આવી છે. આ રશીદની રકમ લેવા થાપણદાર બેંકમાં જતા બેંકના કર્મચારીએ જૂની બેંક વ્યાજ કોમ્પ્યૂટરમાં ચડાવ્યું નથી એટલે પુરૂ વ્યાજ મળશે નહી અને બેંકના એક જૂના કર્મચારીએ પૈસા નહી મળે તેમ કહી થાપણ રશીદ સામે ફેંકી દીધી હતી. કર્મચારીના આવા ઉદ્ધતાઈભર્યા વર્તનથી થાપણદાર તો ડઘાઈ જ ગયો હતો દરમિયાન યોગેશભાઈ સુથાર તેમના સગા સાથે થાપણની રકમ માટે જનતા બેંકમાં ગયા હતા અને બેંકના કર્મચારી અવિનાશ રાવલને મળ્યા હતા. આ કર્મચારીએ યોગેશભાઈ તથા તેમના સગા સાથે વાત કરવાની પણ ના પાડી તેમનું અપમાન કર્યું હતું. જનતા બેંકના કર્મચારીઓના ઉદ્ધતાઈભર્યા વર્તન સામે શહેરમાં લોકોમાં ઘેરા પત્યાઘાત પડ્યા છે.

હિંમતનગરમાં વિદ્યાર્થી પર દીવાલ પડતા મોત

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાં એક વિદ્યાર્થીનું મંગળવારે બપોરના સુમારે સ્કૂલમાં રમતા સમયે દીવાલ પડતા ઈજાઓ થઈ હતી. જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવ અંગે હિંમતનગર પોલીસને થતાં સિવિલમાં પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ હિંમતનગરની હિંમત હાઈસ્કૂલમાં ધોરણ-૭માં અભ્યાસ કરતો અને હિંમતનગર તાલુકાના દોલગઢનો રહેવાસી ૧૫ વર્ષીય વિદ્યાર્થી હરેશકુમાર જયમલભાઈ દેસાઈ મંગળવારે રાબેતા મુજબ સ્કૂલમાં આવ્યો હતો અને તે દરમિયાન બપોરે રિશેષમાં હાઈસ્કૂલનું નવીન બની રહેલા મકાનમાં રમતા હતા ત્યારે અચાનક તાજી બનાવેલ દીવાલ નજીક આ વિદ્યાર્થી ગયેલો ત્યારે કોઈ પણ કારણોસર અચાનક દીવાલ હરેશ પર પડી હતી તેથી બીજા વિદ્યાર્થીઓએ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ સી. વી. દરજીને જાણ કરતા તાત્કાલિક સ્ટાફ તુરંત ઘટના સ્થળે પહોંચી ગયેલો અને ઈજાગ્રસ્ત વિદ્યાર્થી હરેશને શિક્ષકોએ તાત્કાલિક હિંમતનગર સિવિલમાં સારવાર માટે લઈ ગયા હતા જ્યાં તે વિદ્યાર્થીનું સારવાર દરમિયાન માથાના ભાગે ગંભીર ઈજાને કારણે મોત નીપજ્યું હતું. આ અંગે સ્કૂલના આચાર્યએ વિદ્યાર્થીના પરિવારજનોને જાણ કરી હતી. જેથી પરિવારજનો તાત્કાલિક સિવિલમાં આવ્યા હતા તો બીજી તરફ સિવિલના ડૉક્ટરે બનાવ અંગે હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા તાત્કાલિક પોલીસ સિવિલમાં આવી પહોંચી હતી અને મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી મૃતદેહને પરિવારજનોને સોંપી દીધો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિજયનગર તાલુકા પંચાયતનો જુનિયર ક્લાર્ક રૂ. ૨૦ હજારની લાંચ લેતા ઝડપાયો

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકા પંચાયતમાં જુનિયર ક્લાર્ક ચાલુ નોકરી મૃત્યુ પામેલની સહાયના ચેક આપવા બાબતે રૂ. ૨૦ હજારની માંગણી કરી હતી. જે રૂ. ૨૦ હજાર મંગળવારે ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પર લેતા રંગેહાથ મહેસાણા લાંચ રૂશ્વત ખાતો ઝડપી પાડ્યો હતો.

બનાવની વિગત એવી છે કે ભિલોડાના રહેવાસી ભાવેશભાઈ હરેશભાઈ સુથારના પિતા હરેશભાઈ વિજયનગર તાલુકાના કાલવણ ગામે તલાટી કમ મંત્રીતરીકે ફરજ બજાવતા દરમિયાન ૨૦૦૭માં આકસ્મિક મૃત્યુ પામ્યા હતા. તે મૃત્યુ પામેલ હરેશભાઈની સરકાર તરફથી રૂ. ૪ લાખની સહાય મળી હતી અને જેનો ચેક વિજયનગર તાલુકા પંચાયતના જુનિયર ક્લાર્ક વિષ્મુજી ચંદુજી પરમાર (રહે. ઝીંઝવા, તા. પ્રાંતિજ) પાસે હતો તે સહાયનો ચેક તેમના પુત્ર ભાવેશભાઈ લેવા ગયા ત્યારે તેમને રૂ. ૪ લાખના ચેકના ૫ ટકા પ્રમાણે રૂ. ૨૦ હજારની માંગણી કરેલ હતી. જે અંગે ભાવેશભાઈએ મહેસાણા લાંચ રૂશ્વત વિભાગનો સંપર્ક કર્યો હતો જે આધારે મહેસાણાના લાંચ રૂશ્વત ખાતાના ફિલ્ડ પી.આઈ. ડી. જે. ચાવડા અને સ્ટાફે છટકુ ગોઠવ્યું હતું અને મંગળવારે બપોરના સુમારે જુનિયર ક્લાર્ક ભાવેશભાઈને રૂ. ૨૦ હજાર લઈને ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પર બોલાવ્યા હતા. જ્યાં ભાવેશભાઈએ રૂ. ૨૦ હજાર રોકડા જુનિયર ક્લાર્કને આપ્યા હતા ત્યારે સ્ટાફે રંગેહાથ લાંચ લેતા પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર નજીક આવેલ બાલારામ સઘન ક્ષેત્ર સંચાલીત પ્રિ - પીટીસી - પીટીસી કોલેજ ખાતે વિદ્યાર્થિનીઓને સુરક્ષા અંગે માર્ગદર્શન આપવા બનાસકાંઠા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એસ. પી. અશોક યાદવ, ડી.વાય.એસ.પી. વિજય પટેલ, પો. સબ ઈન્સ્પેક્ટર બેલીમે પ્રસંગોચિત ઉદ્બોધન કર્યા હતા. અત્રેના નિયામક કાનજીભાઈ વાઘેલા, ટ્રસ્ટી શૈલેષભાઈ મહેતાએ સ્વાગત કરી વિદ્યાર્થીઓને ડર, ભય વિના જીવન જીવવા સોનેરી સુરક્ષા અંગેની સૂચના આપી પોલીસ સુરક્ષા અંગે સંતર્ક છે તેમ જણાવ્યું હતું.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં થોળેદહાડે ગુનાખોરીનો ગ્રાફ વધી રહ્યો છે. બે દિવસ અગાઉ જ રેલવે પુલ પાસે પોણા બે લાખની તફડંચીનો ભોગ બનેલ ખેડૂતના બનાવની શાહી સૂકાઈ નથી ત્યાં જ ગતરોજ વધુ એક બનાવ કીર્તીસ્તંભ રોડ પર બનવા પામેલ. એક નિવૃત્ત પોલીસકર્મી તેની દિકરી સાથે ખરીદી અર્થે માણકાથી અત્રે આવેલ અને તેની દિકરી પર ગંદો પદાર્થ નાંખી રૂ. ૧૪ હજાર ભરેલ થેલી ઝૂંટવી લેવાનો બનાવ બનેલ ત્યારે બૂમાબૂમથી એકત્ર થયેલ લોકોએ પરપ્રાંતિય શખ્સને ઝડપી લઈ પોલીસને સુપ્રત કરતા તે નાદુરસ્ત હોવાથી સિવિલમાં સારવાર હેઠળ દેશ્યમાન થાય છે.

પ્રાંતિજના મોયદ ગામે જમીન મામલે ધીંગાણું : ચાર શખ્સોને ઈજા

પ્રાંતિજ, તા. ૩

પ્રાંતિજ તાલુકાના મોયદ ગામમાં જમીનના મામલે થયેલા ઝઘડામાં બે જૂથ વચ્ચે લાકડીઓ અને ધારિયા ઉઠયા હતા જેમાં ચાર શખ્સોને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજના મોયદમાં વરસો જુની જમીનના ઝઘડામાં ગત રોજ સવારે ટ્રેકટર લઈને ખેતરમાં ખેડ કામ કરવા જતા નવનસિંહ અને રમણભાઈ પટેલ સામે ભાવેશ તથા ધૂળાભાઈ અને વિષ્ણુભાઈએ બોલાચાલી કરી હતી અને અહીં ખેડકામ ન કરવા જણાવ્યું હતું. જે મામલે સામ સામે ગાળા ગાળી બાદ મામલો બિચકતા ઉગ્ર ઝઘડો થયો હતો. જેમાં લાકડીઓ અને ધારીયા ઉછળતા ચાર શખ્સોને શરીરે ગંભીર ઈજાઓ થતા તેમને સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

પાટણ

મેથી	૫૨૫	-
જીરૂ	૨૦૦૦	૨૫૨૬
વરીયાળી	૭૮૫	૧૪૦૦
રાયડો	૫૭૦	૬૫૨
એરંડા	૭૦૦	૭૫૧
ઘઉં	૩૦૨	૩૮૦
જુવાર	૩૮૪	-
બાજરી	૨૨૦	૨૯૪.૫૦
ગવાર	૧૩૦૦	૧૫૪૦
સવા	૬૦૦	૭૦૪

તલોદ

એરંડા	૭૦૯	૭૨૯
ઘઉં	૩૦૮	૩૫૧
બાજરી	૨૨૮	૨૯૪
ગવાર	૧૧૦૦	૧૫૫૯
ડાંગર જ્યા	૨૯૦	૩૧૦

સલાલ

મગફળી	૬૩૦	૭૫૦
ઘઉં	૩૨૦	૩૬૦
બાજરી	૨૨૦	૨૬૦
ડાંગર જ્યા	૩૧૦	૩૪૦

પ્રાંતિજ

એરંડા	૬૮૫	૭૧૦
ઘઉં	૩૦૦	૩૪૦
બાજરી	૨૨૦	૨૭૫
ડાંગર જ્યા	૩૧૦	૩૪૧

ધનસુરા

એરંડા	૭૦૦	૭૧૯
મકાઈ	૩૧૦	૩૨૫
ઘઉં	૩૧૦	૩૪૦
બાજરી	૨૪૫	૨૭૯
ગવાર	૧૨૦૦	૧૪૦૦

ખેડબ્રહ્મા

ઘઉં લોકવન	૩૧૪	૩૨૨
ઘઉં ૪૯૬	૩૧૫	૩૪૦
મકાઈ	૨૯૦	૨૯૩
એરંડા	૭૧૪	૭૧૮

મોડાસા

એરંડા	૭૦૦	૭૩૨
બાજરી	૨૪૦	૨૮૨
મકાઈ	૨૮૦	૩૨૦
ઘઉં	૩૦૦	૩૫૦
ગવાર	૧૩૫૦	૧૬૦૬
ચણા	૫૦૦	૬૭૫

દીંતોર

એરંડા	૬૮૫	૭૦૫
બાજરી	૨૪૦	૨૬૫
મકાઈ	૨૮૦	૩૦૫
ઘઉં	૩૧૦	૩૪૦
ગવાર	૧૪૫૦	૧૫૫૦

દહેગામ

બાજરી	૨૭૧	૨૭૮
ઘઉં	૩૧૬	૩૨૭
ડાંગર	૨૬૦	૩૦૦
એરંડા	૭૦૩	૭૧૫
ગવાર	૧૩૦૦	૧૪૫૦
મકાઈ	૨૫૦	૨૮૦
તુવેર	૫૨૦	૬૦૫
જુવાર	૨૫૦	૩૦૦
રાયડો	૫૧૦	૫૭૦

રખિયાલ

બાજરી	૨૭૦	૨૭૫
ઘઉં	૩૧૦	૩૨૫
ડાંગર	૨૫૫	૨૯૦
એરંડા	૭૦૦	૭૧૦
ગવાર	૧૨૫૦	૧૩૦૦
મકાઈ	૨૪૦	૨૬૦
તુવેર	૫૧૦	૬૦૦
જુવાર	૨૪૦	૩૬૦
રાયડો	૫૦૫	૫૬૫

હિંમતનગર

મગફળી	૬૫૦	૭૮૦
એરંડા	૭૩૦	૭૪૬
ઘઉં	૩૧૦	૩૯૬
બાજરી	૨૪૦	૨૮૩
મકાઈ	૨૭૦	૩૧૫
ગવાર	૧૩૦૦	૧૫૬૦

ઈડર

ઘઉં	૩૧૫	૩૫૦
મકાઈ	૩૧૫	૩૨૬
એરંડા	૭૧૫	૭૩૨
બાજરી	૨૮૫	૨૯૫
મગફળી	૬૫૦	૭૦૦
ગવાર	૧૫૨૫	૧૫૮૭
જુવાર	૩૪૦	૩૮૫

કડી

ઘઉં	૩૦૫	૩૨૭
ડાંગર	૨૫૦	૩૧૦
બાજરી	૨૫૬	-
ગવાર	૧૩૩૦	૧૬૨૦
એરંડા	૭૧૩	૭૨૦
રાયડો	૫૯૦	૫૯૮

પાલનપુર

ઘઉં	૩૦૯	૩૨૬
બાજરી	૨૩૦	૨૮૦
એરંડા	૭૨૫	૭૫૧
રાયડો	૬૨૫	૬૪૫
રાજગરો	૧૧૫૦	૧૨૨૨
ગવાર	૧૩૧૧	૧૬૭૦

સિદ્ધપુર

જવ	૨૩૦	૨૮૫
રાયડો	૬૧૫	૬૩૨
ગવાર	૬૪૫	૧૫૪૦
ઘઉં	૨૯૦	૩૮૪
બાજરી	૧૯૭	૨૯૦
જુવાર	૩૮૦	૮૩૦

ઉંઝા

જીરૂ	૨૧૬૦	૨૫૯૫
વરીયાળી	૭૨૫	૧૮૧૨
ઈસબગુલ	૧૧૫૨	૧૩૭૭
સરસવ	૭૩૩	-
રાયડો	૫૫૦	૭૧૧
તલ	૧૯૧૫	૧૨૩૫
સવા	૬૭૪	૬૯૫

વિસનગર

ઘઉં	૩૦૫	૩૬૩
બાજરી	૨૨૦	૨૯૫
રાયડો	૫૫૦	૬૭૫
એરંડા	૭૦૫	૭૪૬
જુવાર	૨૫૧	૭૦૧
તલ	૧૮૫૦	૨૦૧૬
ગવાર	૧૩૫૦	૧૫૮૧
રજકાના બી	૧૧૦૦	૨૭૨૮

મહેસાણા

ઘઉં	૨૯૬	૩૬૭
જીરૂ	૨૩૧૧	૨૪૭૨
રાયડો	૫૭૦	૬૧૩
બાજરી	૨૧૭	૩૦૦
એરંડા	૭૦૫	૭૩૫
અજમો	૮૦૦	-
ગવાર	૧૨૦૦	૧૫૩૧
બંટી	૩૬૦	૩૬૮
રજકાબી	૧૦૨૫	૨૬૯૫

આંબલીયાસણ

ઘઉં	૩૦૩	૩૨૫
બાજરી	૨૨૭	૨૬૭
રાયડો	૬૧૧	૬૧૭
એરંડા	૭૧૯	૭૨૬
ઘઉં	૩૨૪	-
એરંડા	૭૦૩	૭૨૦
રાયડો	૫૯૯	૬૦૦
બાજરી	૨૦૪	૨૪૮
ગવાર	૧૪૫૦	૧૪૯૧

હારીજ

રાયડો	૬૦૫	૬૪૬
એરંડા	૭૦૫	૭૪૦
બાજરી	૨૨૫	૨૭૦
ઘઉં	૨૯૨	૩૪૦
ગવાર	૧૪૧૬	૧૪૭૫
અડદ	૪૫૦	૬૧૨
જવ	૨૭૫	-
મગ	૭૫૦	૯૭૬
ચણા	૫૫૦	૬૫૧
જીરૂ	૨૩૨૫	૨૩૫૦
સાસટો	૨૭૦	૩૭૦
સવા	૬૫૦	૬૯૭
ઈસબગુલ	૭૦૦	૧૦૦૦

કલોલ

ઘઉં	૩૦૫	૩૩૫
એરંડા	૭૧૦	૭૩૧
બાજરી	૨૪૦	૨૭૫
રાયડો	૭૫૭	૬૧૭
ડાંગર	૨૬૫	૩૧૫
ગવાર	૧૪૦૦	૧૪૨૬
જુવાર	૩૭૦	૩૯૦

બાયડ

એરંડા	૬૬૦	૭૦૦
ઘઉં	૨૯૦	૩૧૦
બાજરી	૨૩૦	૨૭૦
મકાઈ	૨૮૫	૩૧૦
ગવાર	૮૫૦	૧૨૦૦

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

શાકભાજી	ઓછો ભાવ	વધુ ભાવ
બટાટા પંજાબી	-	-
બટાટા દેશી	૧૫૦	૨૩૦
બટાટા ડીસા	૧૮૦	૨૬૦
ડુંગળી સૌરાષ્ટ્ર	૮૦૦	૯૦૦
ડુંગળી મહારાષ્ટ્ર	૭૫૦	૯૦૦
રીંગણ	૧૦૦	૨૪૦
રવૈયા	૧૬૦	૩૫૦
કોબીજ	૨૦૦	૩૪૦
ફુલાવર	૨૦૦	૩૦૦
ટામેટા પાકા	૨૦૦	૩૬૦
દૂધી	૮૦	૨૦૦
કાકડી	૧૦૦	૨૪૦
ગીલોડા	૨૦૦	૬૦૦
મરચાં દેશી	૧૬૦	૪૦૦
લીંબુ	૧૬૦	૩૬૦

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD
ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE
બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ
ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન